# પ્રથમ લેખિત કસોટી : ઑક્ટોબર - ૨૦૧૬

તારીખ : ૨૨/૧૦/૨૦૧૬ ધોરણ-૬ સમય : ૮:૦૦ થી ૧૧:૦૦

વાર : શનિવાર વિષય : સામાજિક વિજ્ઞાન કુલ ગુણ : ૮૦

વિદ્યાર્થીનું નામ : ______________________ બેઠક નંબર : ________

સૂચનાઓ : (1) પ્રશ્નોના જવાબ અલગ ઉત્તરવહીમાં લખવાના રહેશે.

**પ્રશ્ન-1 (અ) યોગ્ય શબ્દો વડે ખાલીજગ્યા પૂરો.** (5)

(1) ચિત્રો, વસ્તુઓ કે સિક્કા જેવા સ્રોતોના આધારે __________ વિશે જાણી શકાય છે.

(2) ધાતુ કે પથ્થર પર કોતરેલા લેખો __________ ના નામે ઓળખાય છે.

(3) માનવજીવનની સૌથી ક્રાંતિકારી શોધ __________ હતી.

(4) નદી કિનારાના પ્રદેશો __________ પાષાણ યુગના લોકોનાં આશ્રય સ્થાનો હતાં.

(5) સિંધુખીણની સંસ્કૃતિનું ગૌરવપ્રદ વિશિષ્ટ લક્ષણ __________ હતું.

**(બ) નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.** (5)

(1) પૃથ્વી પરના કોઈપણ ભાગના સપાટ કાગળ પરના આલેખનને નકશો કહે છે. ☐

(2) રંગીન નકશાઓમાં ઊંચાઈ દર્શાવવા વાદળી રંગ વપરાય છે. ☐

(3) પૃથ્વી સપાટી ઉપર બરાબર મધ્યમાં દોરેલી આડી રેખાને વિષવવૃત્ત કહે છે. ☐

(4) ભારતમાં ગુજરાતનું સ્થાન પશ્ચિમ દિશામાં આવેલું છે. ☐

(5) પૃથ્વી પર કુલ નવ ભૂમિખંડો આવેલા છે. ☐

**પ્રશ્ન-2 (અ) નીચેના દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને લખો.** (5)

(1) આદિમાનવની પ્રારંભિક જીવનની મોટાભાગની માહિતી શેના પરથી મળે છે ?

(A) રહેઠાણો (B) ગુફાઓ (C) ખોરાક (D) ઓજારો

(2) ગોમટુંને શિકારે જવામાં કોની વધારે હૂંફ મળે છે ?

(A) મિત્રોની (B) ગૂલુની (C) જોમાની (D) પિતાની

Scanned by CamScanner

(3) આદિમાનવ રહેઠાણનાં સ્થળ તરીકે મોટેભાગે શું પસંદ કરતો હતો ?

(A) ગુફા (B) વાડો (C) પર્વતની તળેટી (D) ખેતર

(4) પુરાતત્ત્વવિદોને કયા પુરાતન સ્થળેથી ઘેટાં-બકરાં અને ગાયોનાં હાડકાં વધુ પ્રમાણમાં મળ્યા છે ?

(A) મહાગઢમાંથી (B) હૂલ્લરમાંથી

(C) બુર્જહોમમાંથી (D) મેહરગઢમાંથી

(5) લોથલ અમદાવાદ જિલ્લાના કયા તાલુકામાં આવેલું છે ?

(A) માંડલ (B) ધંધુકા (C) ધોળકા (D) સાણંદ

**(બ) તમને આપવામાં આવેલા ગુજરાત રાજ્યના રેખાંકિત નકશામાં નીચેની વિગતો યોગ્ય સ્થાને દર્શાવો.** (5)

(1) કચ્છનું રણ

(2) અરબસાગર

(3) પાટણ

(4) જૂનાગઢ

(5) અમદાવાદ

**(ક) બંધ બેસતાં જોડકાં રચો.** (4)

| 'અ' | 'બ' |
|---|---|
| (1) રોજબરોજની બનતી ઘટનાઓ | (1) અન્ન સંગ્રાહક તબક્કો |
| (2) આદિપાષાણયુગ | (2) ઘર બાંધવાની જરૂરીયાત |
| (3) એકજ સ્થળ પર વસવાટ | (3) ધોળાવીરા |
| (4) સિંચાઈ માટેનું તળાવ | (4) દૈનિક સમાચાર પત્રો |

**પ્રશ્ન-3 (અ) નીચેના પ્રશ્નોના ઉત્તર બે-ત્રણ વાકયોમાં લખો. (ગમે તે સાત)** (14)

(1) ઇતિહાસ જાણવાના સ્રોતો કયા કયા છે ?

(2) અભિલેખાગાર શા માટે બનાવવામાં આવતા હતા ?

(3) આદિમાનવ અગ્નિનો ઉપયોગ કઈ કઈ પ્રવૃત્તિઓ માટે કરતો હતો ?

(4) સૌ પ્રથમ કૂતરો કેમ પાળવામાં આવ્યો હશે ?

Scanned by CamScanner

(5) 'અવશેષો' એટલે શું ?

(6) સિંધુખીણની સંસ્કૃતિ કેટલાં વર્ષ જેટલી પુરાતન છે ?

(7) સ્ત્રીઓ અનાજનો કોઠાર કેવી રીતે તૈયાર કરતી ?

(8) આદિમાનવના જીવનને કેટલા વિભાગોમાં વિભાજિત કરેલ છે ?

(9) ખેતીની શરૂઆત થતાં માનવજીવનમાં શું પરિવર્તન આવ્યું ?

**(બ) શબ્દોની સમજ આપો. (ગમે તે ત્રણ)** (6)

(1) નાગરિકતા

(2) લોકશાહી

(3) ગ્રામ પંચાયત

(4) લોકઅદાલત

**પ્રશ્ન-4 કારણો આપી વિધાનો પુરા કરો. (ગમે તે ચાર)** (12)

(1) શું તમે ભારતના નાગરિક છો ? શા માટે ? કારણ આપો.

(2) બીજા દેશનો નાગરિક આપણા દેશનો નાગરિક બની શકે ? કેવી રીતે ? કારણ આપો.

(3) દેશના આદર્શ નાગરિક તરીકે આપણે દેશ માટે શું કરવું જોઇએ ? કારણ આપો.

(4) આપણામાં ભિન્નતામાં પણ એકતા છે, એવું શાના પરથી કહી શકાય ? કારણ આપો.

(5) શું આજે રાષ્ટ્રીય એકતાની જરૂર છે ? શા માટે ? કારણ આપો.

**પ્રશ્ન-5 (અ) નીચેના પ્રશ્નોના ઉત્તર મુદ્દાસર લખો. (ગમે તે ચાર)** (16)

(1) 'રૂઢ સંજ્ઞા' એટલે શું ? તેનો શો ઉપયોગ છે ?

(2) 'નકશો' એટલે શું ? અને નકશાની ઉપયોગિતા જણાવો.

(3) સૌથી વધુ પ્રકાશ કયા અક્ષાંશો પર પડે છે અને સૌથી ઓછો પ્રકાશ કયા અક્ષાંશો પર પડે છે ? જણાવો.

(4) સૂર્યના કિરણો સીધાં પડતાં હોય તેવાં અયનવૃત્તો અને ત્રાંસા પડતાં હોય તેવાં અયનવૃત્તો જણાવો.

(5) કયા કયા દેશમાંથી વિષુવવૃત્ત પસાર થાય છે તે જણાવો.

Scanned by CamScanner

(બ) ટૂંકનોંધ લખો. (ગમે તે બે) (8)

(1) પૃથ્વીના ગોળાનો પરિચય આપો.

(2) કચ્છના રણની વિશેષતા જણાવો.

(3) ગુજરાતની દરિયાઇ સીમાનો પરિચય આપો.

---

Scanned by CamScanner